# ગુજરાત ધોરણ 11 યોજના, 2024

## શિષ્યવૃત્તિ રકમ

ધોરણ 11 અને 12 માટે સ્કોલરશિપ મહત્તમ રૂ 10000 પ્રતિ વર્ષ છે.

## કોણ અરજી કરી શકે?

આ શિષ્યવૃત્તિનો લાભ આર્થિક રીતે અશક્ત વિદ્યાર્થીઓ માટે છે અને જેમની કુટુંબની આવક વાર્ષિક રૂ. 2 લાખથી ઓછી છે. આ શિષ્યવૃત્તિનો લાભ એવા વિદ્યાર્થીઓને મળશે કે જેમણે વર્ષ 2024માં 10મું (એસએસસી) 80% કરતા વધુ અથવા A-1 ગ્રેડ સાથે પાસ કર્યું હોય અને 70% કરતા વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિકલાંગ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. . આ યોજનાનો લાભ મેળવવા માટે, વિદ્યાર્થીએ 20 જુલાઈ, 2024 પહેલા અરજી કરવાની રહેશે.

## પસંદગી પ્રક્રિયા

એસડીએફ વિદ્યાર્થીઓની પસંદગી તેમની શૈક્ષણિક યોગ્યતા, એપ્લિકેશન ફોર્મમાં પ્રદાન કરેલી માહિતી અને તેમના મેરીટ આધારે કરશે. પસંદ થયેલ ઉમેદવારોને સંક્ષિપ્ત પરીક્ષા/ઇન્ટરવ્યૂ માટે આમંત્રિત કરવામાં આવશે. પસંદ થયેલ વિદ્યાર્થીઓને પરીક્ષા અને ઇન્ટરવ્યૂ માટે ની સ્થળ-વિગત વ્યક્તિગત રીતે જાણ કરવામાં આવશે. એસ.ડી.એફ. પસંદ થયેલ વિદ્યાર્થી તેમજ વાલીના જિલ્લા પ્રવાસ ખર્ચ માટેની ભરપાઈ કરશે.

## મહત્વપૂર્ણ તારીખો:

20 જુલાઈ 2024: અરજી કરવાની છેલ્લી તારીખ

4 ઓગસ્ટ 2024: ઓનલાઈન પરીક્ષા

05 ઓગસ્ટથી 20 ઓગસ્ટ 2024: આ સમયગાળા દરમિયાન ઇન્ટરવ્યુ/પરીક્ષા લેવામાં આવશે. શોર્ટલિસ્ટ થયેલા વિદ્યાર્થીઓને પરીક્ષાની તારીખ અને સમય જણાવવામાં આવશે.

## આવશ્યક દસ્તાવેજો

અરજી કરવા માટે નીચે મુજબ દર્શાવેલ દસ્તાવેજની સ્કેન કોપી આવશ્યક છે:

A. 10મા ધોરણની માર્કશીટ
B. ફોટોગ્રાફ
C. વિકલાંગ પ્રમાણપત્ર (વિકલાંગ કેટેગરીમાં અરજી કરનાર માટે)
D. આવકનો પુરાવો (રેશન કાર્ડ માન્ય રહેશે નહીં)

## સંપર્ક વિગતો

- કોઈપણ સ્પષ્ટીકરણો માટે ઇમેઇલ કરી શકો છો: vidyadhan.gujarat@sdfoundationindia.com અથવા 9663517131 પર સોમવારથી શનિવારમા સવાર ૧૦ વાગ્યાથી સાંજ ના ૫ વાગ્યા સુધી ફોન કરી શકો છો.